મહાન દેશભક્ત.

દાદાભાઇ નવરોજજીની

૯૨ મી વર્ષગાંઠ નિમિત્ત

સ્વદેશ–ગીતો.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

જીવણલાલ વ્રજરાય દેસાઈ.

બી. એ., બૅરીસ્ટર–ઍટ-લૉ.

પ્રમુખ, સ્વદેશી મિત્રમંડળ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦   સને ૧૯૧૬

"શ્રી સત્યપ્રકાશ" પ્રિન્ટિંગ પ્રેસમાં ડાહ્યાભાઇ શંકરાભાઇ માંખીએ છાપ્યાં (ખાડીઆ) અમદાવાદ.

કીંમત રૂ. ૦–૦–૬

૧

રાજ્યભક્તિ.

હો આપને જનકરાયની આત્મશાન્તિ !
હો રામચંદ્રજી તણી વિભુ પુણ્ય કીર્તિ !
હો ધર્મરાજ સમ ધર્મની વાસનાઓ !
કલ્યાણ આપનુંજ આપ પ્રજાનું થાઓ !

× × × ×

સૂર્ય ને ચંદ્ર બે નેત્રો જેવા મહા વિરાટના,
રાજા અને પ્રજા એવા નેત્રો બે રાજ્ય દેહના.

× × × ×

રાજા પ્રજાના ઉર મેળ જ્યહાં હશે;
સંવાદી વિણા ગીત ગેબી ગુંજશે,
જો એક કંપે અનુકંપ ના થશે;
તો રાજ્ય વિણા બસુરીજ બોલશે.

\+ + + +

સ્નેહ સત્યે, ન્યાયસંપે, આધારે એકમેકને,
ખાલવો, દેહ અંગો શાં, સૌ મહારાજ્ય અંગને
પૂર્વ પશ્ચિમના યોગ પ્રભુ નિર્મલ આ કંઇ,
પોષજો એહને, રાજન ! સદ્‌ગુણોને લઇ દઇ.

× × × ×

પુત્ર પુત્રી સમાં જાણી પ્રજાના નરનારને,
દૈમારે પોષજો સૌને, માનજો મિત્ર યૌવને.

કવિ ન્હાનાલાલ.

૨

ગુણવંતી ગુજરાત.

મ્હાડ ગરબી.

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત—
મોંઘેરા તુજ મણિ મંડપમાં આ ઝુકી રહ્યાં અમ શીષ
માત મીઠી ! તુજ ચરણ પડીને માગિયે શુભ આશીષ !
અમારી ગુણવંતી ગુજરાત !

મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવન શી અમોલ
રસફુલડાં વીણતાં વીણતાં ત્યાં કરીયે નિત્ય કલ્લોલ !
અમારી ગુણવંતી ગુજરાત !

સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત !
જય જય કરવા ત્હારી જગતમાં અર્પણ કરીયે જાત.
અમારી ગુણવંતી ગુજરાત !

ઉંડા અઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવન માંય !
દેશ પ્રદેશ અહોનિશ અંતર એકજ ત્હારી છાય !
અમારી ગુણવંતી ગુજરાત !

સરસરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપુર:
પૂણ્યભૂમિ ફળ ફૂલ ઝઝુમી, માત ! રમે અમ ઉર ?
અમારી ગુણવંતી ગુજરાત !

હિન્દુ, મુસલમિન, પારસી સર્વે, માત ! અમે તુજ બાળ;
અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ !
અમારી ગુણવંતી ગુજરાત !

ફેર પ્રભાત સમા અજવાળી, ટાળી દે અન્ધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર !
અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

ખબરદાર.

૩

અંધાર

(રાગ માઢ)

હજી ક્યાં લગીય અંધાર ગરવી ગુર્જરી મહીં,
રવિ પ્રભાસને શાદવાર મ્હારી ગુર્જરી મહીં,
દક્ષિણમાં **બાળ** સૂર્ય પ્રકાશે અન્ય પ્રદેશે જ્યોત,
પૂર્વે દિશે ઝગે વિધવિધ ભાનુ ઉત્તરમાં એ ઘોત;
નથીજતારક ગ્રહ રવિ ક્યાંયરે અહિં ગુર્જરી મહીં,
બધે દિસે છે હા ઘનકારરે અહિં ગુર્જરી મહીં.
કાઠીઆવાડે નામ પ્રકાશ્યું, જનમી **ગાંધી** જોડ.
મુંબાઇ નારી ગણવા હીરલા પુનાને કંઇ નહિં ખોટ;
હજીય વદન સઘળે શાંત શાને ગુર્જરી મહીં?
હજીય નિંદતણા પડ ઘાડ શાને ગુર્જરી મહીં.
દૂરદેશે જઇ દાદા પધાર્યાં નવ ગણકારે કાંય,
અસ્ત દિશેજશે, હાય ! અભાગી ગુર્જર ઉંઘે ત્હોય.
હજીય શાને પ્રસર્યો પ્રમાદ ગરવી ગુર્જરી મહીં.
ક્યારે જવલશે જ્યોતિ હજાર મ્હારી ગુર્જરી મહીં ?

મલયાનિલ.

૪

સ્વદેશ ભક્તિ.

સદા સંસારમાં સુખ......એ તર્જ.

જીવે શું હિન્દમાં એવા કો મૂઢાત્મા હરામી !
ન બોલ્યા મુખ "મારો દેશ આ મુજ માતૃભૂમિ"—જીવે શું !
ઝાકળના મોતીસમા જીવો તે કંગાલ,
ઠાલા આવ્યા ગયા ભુલા પથ્થરવત્ ભૂભાર.
ખરંતા પીપળાના પાંદડાંની પેઠે એતો,
કીડી મંકોડાના સમાન કાયા તે નકામી—જીવે શું !
હોય ખેતાબો છો ઘણા અઢળક ધન ભંડાર,
લુખી કીર્તિ હો ભલે મૃગજળવત્ નભનાર.
મળે તે માટી નીચે જે થકી અવતાર ધર્યાં
ફરે ઘાણી તણા જયમ બેલ ફેરા અંધ પામી—જીવે શું !
ત્હેનાં મૃત્યે પાછળે કોઇ ન રડતી આંખ,
જીભ ન ગાતી નામને માન તણી નહિ ઝાંખ—જીવે શું !

મહારાણી શંકરશર્મા.

૫

ધન્ય જીવ્યું જગમાંહ્ય.

મ્હારો સાથીડો રીસાયોરે કોણ મનાવા જાય,—એ રાગ.

માંહી દેશના સેવા માનીએ તે ધન્ય જીવ્યું જગમાંહ્ય,
પરખ્યું સૌ સુખ દેશ પછાડી પ્રીતે નમીયે ત્હેને પાય.
સ્વાર્થ પાન લહ્યું વિષ હલાહલ નહિ સ્વપ્ને પણ ભાન,

રોમ રોમને રક્ત અણુમાં કેવલ દેશનું તાન.
ત્હેને નમીએ નીચાં પાય, (૨) મીઠી.
"દેશ ભક્તિસૂર વસન્તવેણુ કોકિલ મંજુલ ગાન,"
અચલે વિમલે અન્તર લહી આ ઝુકવે ઝુમવે પ્રાણ.
નમીએ શતધા ત્હેને પાય, (૨) મીઠી.
દેશોદય ગિરિપન્થ વિકટ અતિ તદપિ ભડ ભીમ હામ,
સતત ફૂદે મન "દેશ રડે ત્યાં ધિક લીધો આરામ,"
નિશદી નમીએ ત્હેને પાય, (૨) મીઠી.
દેશ તાત પીડાતો ભાળી હૈયું બળી ગળી જાય,
આત્મ ત્યાગે પણ દેશ ઝળવવા ધર્મનિધિ ગજવાય,
ત્હેને નમીએ લળી લળી પાય, (૨) મીઠી.
દિવ્યાત્મા હો બુઝુર્ગ દાદા ! સોંપી દેશને કાય,
"અવિચલ આયુ આપો જગપતિ" વિનતિ નમ્ર સદાય:
ત્હેને તો પળપળ નમીયે પાય, (૨) મીઠી.
શા. વસન્ત વિનોદી.

૬

નશું હિન્દ આપણી માતા ?

ગઝલ—કવ્વાલી.

અરે મુજ દેશબંધુઓ ! નશું હિન્દ આપણી માતા !
ભુલી ભેદો પભેદોને નહીં કાં એક સૌ થાતા !
ભલે બંગાળી પંજાબી ભલે તૈલીંગી મદ્રાસી !
ભલે દક્ષિણી ગુજરાતી ન શું સૌ હિન્દના વાસી !
ભલે હો હિન્દુ મુસલમાન ભલે હો પારસી ક્રીસ્તાન !

પરન્તુ બંધુએ સૌએ નહીં શું હિન્દના સંતાન ?
સુધારક કે રૂઢી રક્ષક ભલે મિતવાદી કે ઉદ્દામ !
રૂચે જે તે ભલે હોયે જુદાઇ તેથી શાને આમ ?
સહુ હિન્દીની રગમાં શું ન લોહી હિન્દનું વ્હેતું !
જરૂર સંતાન ભારતના સઉ આપણુ છીએ બંધુ !

ચંદ્રશંકર પંડયા.

૭

આર્યભૂમિ.

વિષય વાત મમ માત તજીને...એ રાગમાં

મધુર મીઠી મનુ-જીવન ઉદ્ધારક આજ આપણી આર્યભૂમિ;
વિશ્વવન્દ્ય ગૌરવની દેવી જગ કલ્યાણી જન્મભૂમિ.—ટેક.

એ...સૃષ્ટિ તણી સૌંદર્યસાગરે ઉભરાતી અનુપમ ભૂમિ;
લક્ષ્મી તણા લખલૂટ ખજાના રેલંવતી શી રત્ન ભૂમિ ! :
અદ્‌ભૂત સંજીવનિ શક્તિથી અમર દિસે આ દેવ ભૂમિ.—મધુર૦

એ...વિપુલ પતાકા વીરવિજયની ફરકાવે શી વીર ભૂમિ !
ભીષ્મ, દ્રોણ, અર્જુન, ભીમની કૃષ્ણમયી આ કર્મ ભૂમિ !
કીર્તિવંત વીરાંગનાથી ઉભરાઇ જતી આ ઉચ્ચ ભૂમિ.—મધુર૦

એ.. ધર્મ તણી વેદી પર જીવન યજ્ઞો કરતી ધર્મ ભૂમિ;
વશિષ્ઠ, વાલ્મિક, બુદ્ધ, શંકરે શોભી રહી શી સત્યભૂમિ !
બ્રહ્મ તેજના અખૂટ ધોધને ધારી રહી કૈલાસ ભૂમિ.—મધુર૦

એ...સ્નેહ, સંપ, ઔદાર્ય, સૌખ્યને નીતિ કેરી નગરભૂમિ;
પ્રભુતા કેરા પરમ પ્રસાદે પુલકિત થાતી પુણ્ય ભૂમિ;
એ ગૌરવ તુજ ફરી રચીશું ભગવતી માતા ભારત ભૂમિ !—મધુર૦

“ સિંહ. ”

૮

હમકુછનકુછ કરજાઇંગે.

ભારત હમારા દેશ હય, હિત ઉસકા નિશ્ચય ચાહીંગે:
ઉસકે હીત કે કારન, હમ કુછન કુછ કર જાઇંગે. ભા૦
ભારત હમારી માતૃભૂમિ, ઉસકા ઋણુ હમ પર હય બહોત;
ઉસકે મોટાને કે લીયે, હમ કુછન કુછ કર જાઇંગે. ભા૦
ભારતકી દુઃખપ્રદ અવનતિ પર ક્યું નહિ અશ્રુ બહાઇંગે;
ઉસકે હટાને કે લીયે, હમ કુછન કુછ કર જાઇંગે. ભા૦
ધર્મ વિદ્યા ઔર ધનસે, ઉન્નતિ ભારતકી હોવે;
ઉસ ઉન્નતિ કે માર્ગમે, હમ કુછન કુછ કર જાઇંગે. ભા૦

૯

વન્દેમાતરમ્.

વન્દેમાતરમ્.

સુજલાં, સુફલાં, મલયજશીતલાં, શસ્યશ્યામલાં, માતરં,
શુભ્રજ્યોત્સ્નાં, પુલકિતયામિની, ફુલ્લકુસુમિત દ્રુમદલશોભિની,
સુહાસિની, સુમધુરભાષિણીં, સુખદાં, વરદાં, માતરં ॥
સપ્તકોટી કંઠ કલકલનિનાદ કરાલે, દ્વિસપ્ત કોટી ભુજૈર્ધૃત શરકર વાલે
કેબલે મા તુમિ અબલે, ? બહુબલ ધારિણીં નમામિ તારિણીં,
રિપુદલ વારિણીં, માતરં ॥ તુમિ વિદ્યા, તુમિ ધર્મ,
તુમિ હૃદિ, તુમિ મર્મ, ત્વં હિપ્રાણાઃ શરિરે ॥
બાહુ તે તુમિ મા શક્તિ, હૃદયે તુમિ મા ભક્તિ,
તો મારઇ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે ॥
ત્વં હિ દુર્ગા દશ પ્રહરણ ધારિણી, કમલા કમલદલ બિહારિણી,
બાની વિદ્યા દાઇની નમામિત્વમ્ નમામિ કમલાં, અમલાં, અતુલાં,
સુજલાં, સુફલાં, માતરમ્ ॥ શ્યામલાં, સરલાં, સુસ્મિતાં, ભૂષિતાં,
ધરણીં, ભરણીં, માતરમ્ ॥ વન્દેમાતરમ્.

બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય.